# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) રાજ્યની કોઈ એક GIDCને સંપૂર્ણપણે હરિત ઉર્જા આધારિત ઉદ્યોગો ધરાવતી વસાહત બનાવાશે
2) ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના હેઠળ 4 હજાર 804 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કુલ 13 પાઈપલાઇનની કામગીરી પૂર્ણ
3) રાજ્યના શામળાજી અને ડાકોર સહિતના મંદિરોમાં ફાગણી પૂનમની ઉજવણી માટે તડામાર તૈયારીઓ
4) હોળી ધૂળેટીના પર્વને લઈને એસટી વિભાગ વધારાની બસોનું સંચાલન કરશે
5) આગામી ત્રણ દિવસ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હીટ વેવની આગાહી
6) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઈંડિયન્સ વચ્ચે મુકાબલો

.................................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GREEN ENERGY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, રાજ્યની કોઈ એક GIDCને સંપૂર્ણપણે હરિત ઉર્જા આધારિત ઉદ્યોગો ધરાવતી વસાહત બનાવવાની સરકારની યોજના છે. અમદાવાદમાં ભારતીય ઉદ્યોગ મહાસંઘ-CIIની વાર્ષિક બેઠકમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે હરિત ઊર્જા-વિનિયોગને વેગ આપવા ઉદ્યોગોને હરિત ઉર્જા પૂરી પાડવાની રાજ્ય સરકારની નેમ છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

શ્રી પટેલે ઉમેર્યું કે વિકાસના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતમાં પણ ક્વોલિટી પ્રોડક્ટ, એમ.એસ.એમ.ઈ.ને પેકેજિંગ માટે સહાય અને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર તત્પર છે. ઉદ્યોગજગત પણ રાજ્ય સરકાર સાથે સહયોગી બને તો આપણી પ્રોડક્ટ વૈશ્વિક સ્પર્ધાત્મક બજારમાં ક્વોલિટી પ્રોડક્ટ તરીકે પ્રસ્થાપિત કરી શકાશે એવો વિશ્વાસ શ્રી પટેલે વ્યક્ત કર્યો હતો.

# VISHANSABHA MUKESH PATEL

વિધાનસભા ગૃહમાં રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે, ઉત્તર ગુજરાતના દરેક ગામ સુધી નર્મદાનું પાણી પહોંચાડવા માટે સુજલામ સુફલામ યોજના હેઠળ 4 હજાર 804 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કુલ 13 ઉદ્વહન પાઈપલાઇનની કામગીરી પૂર્ણ થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં દિયોદર-લાખાણી પાઇપલાઇન યોજના અંતર્ગત 923 કરોડ રૂપિયાના ખર્ચે 53.70 કિલોમીટર લાંબી અને થરાદ-ધાનેરા પાઇપલાઇન યોજના અંતર્ગત 1 હજાર 150 કરોડ રૂપિયાના ખર્ચે 63.86 કિલોમીટર લાંબી પાઇપલાઇન નખાશે. આ બંને પાઇપલાઇનની કામગીરી આગામી બે વર્ષમાં પૂર્ણ થશે.

ધારાસભ્યના પ્રશ્નનો જવાબ આપતાં શ્રી પટેલે જણાવ્યું કે કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં સિંચાઈ માટે નર્મદાના પાણી પહોંચાડવાની પ્રથમ તબક્કાની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થશે.

# VIDHANSABHA KANU DESAI

વિધાનસભા ગૃહમાં ઉર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે દરિયાકાંઠા વિસ્તારમાં ગુણવત્તાયુકત વીજળી મળે તે માટે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત 209 કરોડ 10 લાખ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

પેટાપ્રશ્નના જવાબમાં શ્રી દેસાઇએ જણાવ્યું હતું કે, વર્ષ 2008થી શરૂ થયેલી આ યોજના અંતર્ગત ડિસેમ્બર 2024 સુધીમાં એક હજાર નવ કરોડ રૂપિયાના ખર્ચે 73 હજાર 762 કિલોમીટર જર્જરિત વીજ લાઈનો અને એક લાખ 74 હજાર 382 થાંભલા બદલવામાં આવ્યા છે.

# VIDHANSABHA

રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના 4 હજાર 167 અને આણંદ જિલ્લાના 3 હજાર 267 લાભાર્થીઓને વીજ જોડાણ અપાયા છે. જે અંતર્ગત અનુક્રમે 215 લાખ 51 હજાર રૂપિયા અને 346 લાખ 48 હજાર રૂપિયાનો ખર્ચ કરાયો છે. વિધાનસભા ગૃહ માં ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં શ્રી દેસાઇએ આ માહિતી આપી હતી.

એક પ્રશ્નનો જવાબ આપતા અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું કે આણંદમાં વર્ષ 2024માં એલ.પી.જી. ફ્રી સિલિન્ડર સહાય યોજના અંતર્ગત એક લાખ 71 હજાર 440 લાભાર્થીઓને 12 કરોડ 82 લાખ રૂપિયાની સબસિડી અપાઈ છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, મહેસાણા જિલ્લામાં કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા નોંધણી ન કરાવી હોય તેવા 29 વેપારી એકમ સામે કાર્યવાહી કરી 5 લાખ 28 હજાર 500 રૂપિયા માંડવાળ ફી વસૂલાઇ છે.

# NARMADA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, અંદાજીત. ૮૨,૦૦૦ કરોડના ખર્ચે નર્મદા યોજના પૂર્ણ થવા જઇ રહી છે અને માર્ચ-૨૦૨૫ પછી બાકી રહેતા નહેરોના નેટવર્કના કામો વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ચાલુ રાખવાનું આયોજન છે. નર્મદા માટે વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓ આજે વિધાનસભા ગૃહમાં પસાર થઈ હતી.

આ પ્રસંગે ચર્ચામાં ભાગ લેતા મંત્રી શ્રી કહ્યું કે એકતા નગર ખાતે અંદાજીત ૫૦ કરોડના ખર્ચે સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર નિર્માણ પામશે સરદાર સરોવર ડેમના નિર્માણ પાછળની નોંધપાત્ર સફર દર્શાવશે.

તેમણે જણાવ્યું કે, નળકાંઠા, ફતેવાડીનો નવો વિસ્તાર વિકસીત કરવાની પહેલા તબક્કાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે ઓગષ્ટ – ૨૦૨૫ માં પુર્ણ થશે. ત્યારબાદ બીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેનાથી સાણંદ, બાવળા અને વિરમગામ તાલુકાના આશરે ૩૯ ગામોની ૩૫,૬૮૮ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HOLI-DHULETI TAIYARI

રાજ્યભરના મંદિરોમાં ફાગણી પૂનમની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ફાગણી પૂનમના દિવસે ભક્તો, ભગવાન સાથે રંગોથી રમી ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરશે.

દ્વારકા જગત મંદિર ખાતે ભક્તો માટે વિશેષ વ્યવસ્થાઓ કરાઇ છે. પદયાત્રીઓ, દ્વારકા પહોંચી રહ્યા છે, ત્યારે તેમની સુવિધાઓ માટે મંડપો, ભોજન-પાણી સહિતની વ્યવસ્થાઓ કરાઇ છે.

યાત્રાધામ શામળાજી ખાતે પણ હોળી-ધૂળેટીના પર્વની રંગારંગ ઉજવણી કરાશે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ - અંકિત ચૌહાણ, અરવલ્લી,પીટીસી)

ડાકોર ખાતે પણ આજથી ફાગણી પૂનમ ઉત્સવનો પ્રારંભ થયો છે.ડાકોર રણછોડરાયના દર્શને આવતા પદયાત્રીઓ માટે વિશેષ વ્યવસ્થાઓ કરાઇ છે.

(વોઇસકાસ્ટ –જનક જાગીરદાર ,ખેડા , પીટીસી)

# ST EXTRA BUS

હોળી ધૂળેટી પર્વને ધ્યાનમાં રાખી એસ-ટી વિભાગ 1200 જેટલી વધારાની બસો દોડાવશે.

હોળી ધૂળેટીના તહેવારોમાં લોકોનો વતને જવા ધસારો રહેતો હોવાથી એસ-ટી વિભાગ દ્વારા વધારાના ફેરાનું આયોજન કરાયું છે.

(BYTE : P.R.O- R.D. GALACHAR)

આ તહેવારમાં ડાકોરના રણછોડરાયના દર્શને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોવાથી ડાકોર જવા 500 જેટલી બસો થકી 4 હજાર ફેરા કરાશે.

# HOLI TRAIN

હોળી અને ધુળેટીના તહેવારને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવે દ્વારા 50 વિશેષ ટ્રન દોડાવાશે. હોળી નિમિત્તે ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, રાજસ્થાન તરફની ટ્રેનોમાં સુરત અને અમદાવાદથી મોટી સંખ્યામાં લોકો જતાં હોય છે. ત્યારે 50 હૉલિ-ડે સ્પેશિયલ ટ્રેનના કુલ 694 ફેરા કરાશે. પ્રવાસીઓની ભીડને કાબૂમાં રાખવા રેલવે તંત્ર દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હિટ વેવની આગાહી કરી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસે જણાવ્યું કે હાલમાં ઉત્તર પશ્ચિમ રાજસ્થાન પર એન્ટી સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જેને કારણે રાજ્યમાં તાપમાનનું પ્રમાણ વધ્યું છે. આગામી ત્રણ દિવસ રાજ્યના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત છે, પરંતુ ત્યારબાદ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતાઓ છે.

(BYTE: A K DAS)

દરમ્યાન, અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભાવનગર શહેર સહિત જિલ્લામાં ચૈત્ર માસ જેવી ગરમી શરૂ થઈ ગઈ છે ભાવનગર શહેરમાં આજે 39.2 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાતા લોકો ગરમીથી અકળાયા હતા.

# WPL CRICKET

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં આજે ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે.

મુંબઈમાં રમાનારી આ મેચમાં ગુજરાત જાયન્ટ્સે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે. બંને ટીમે પહેલાથી જ દિલ્હી કૅપિટલ્સ સાથે પ્લેઑફમાં જગ્યા બનાવી લીધી છે. આજની આ મેચમાં ટૂર્નામેન્ટના પહેલા ફાઈનલિસ્ટ નક્કી થઈ શકે છે.